**9/1/2015**

# 1. ૯ જાન્યુઆરી

- પ્રવાસ ભારતીય દિવસ
- ગાંધીજીના સ્વદેશાગમનને આ ૧૦૦ વર્ષ થયા.
- આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ હમિદ અન્સારીના હસ્તે બે ગુજરાતી સહિત ૧૫ પ્રવાસીઓ (NRI) નું સન્માન થશે.
- ગાંધી દક્ષિણ આફ્રિકાની સ્મૃતિમાં ભારત સરકારના સંદેશા વ્યવહાર વિભાગે રૂ.૫ અને ૨૫ એમ બે ટપાલ ટિકિટ અને ફર્સ્ટ ડે કવરનું વિમોચન કર્યું હતું.
- ગાંધીજી સ્વદેશાગમનના ૧૦૦ વર્ષ નિમિતે ભારત સરકારે ૧૦૦ અને ૧૦ ના મૂલ્યના ગાંધીજીના તસવીરવાળાં સિક્કાં બહાર પાડ્યાં. શ્રી નરે મોદીએ આ શતાબ્દી સ્મરણોત્સવ સિક્કાનું લોકાર્પણ કર્યું હતું.

VIVEKANAND ACADEMY,GANDHINAGAR

## 2. NRI માટે સુવિધા

- માનનીય વડાપ્રાધાન શ્રી નરે  મોદી એ પ્રવાસી ભારતીય દિવસ નિમિતે (NRI) માટે અગત્યની ચાર સુવિધા ચાલુ કરી.
- પર્સન ઓફ ઇન્ડિયન આરિજિન-પી.આઇ.ઓ.કાર્ડ હોલ્ડરને આજીવન વિઝા મળશે,એમ્બેસીના ધક્કા બંધ થશે.
- પી.આઇ.ઓ.કાર્ડ હોલ્ડરને ભારતમાં આવ્યા પછી દર અઠવાડીયે પોલીસ સ્ટેશનમાં હાજરી લગાવવાનું બંધ.
- ઓવરસિસ સિટિજનશિપ ઓફ ઇન્ડિયા અને પી.આઇ.ઓ.કાર્ડની વ્યવસ્થા એક જ કરી દેવાશે.
- વિઝા ઓન અરાઇવલ અને ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝન,દિલ્હીમાં NRI માટે કે  બનશે.

VIVEKANAND ACADEMY,GANDHINAGAR

## 3.સચિન તેંડુલકર

❖ ભારતીય ક્રિકેટના મહાન ખેલાડી સચીન તેંડુલકર તેના જીવન પર બનનારી ફિલ્મમાં પોતે જ અભિનય કરશે.

❖ મુંબઇસ્થિત ‘૨૦૦ નોટ આઉટ’ નામની પ્રોડકશન કંપની આ ફિલ્મ પર કામ કરી રહી છે.

❖ ફિલ્મ ડિરેકશન જાણિતા લેખક અને ડિરેકટર જેમ્સ એર્સ્કિનને સોંપવામાં આવી છે.

## 4.ગુજરાતની સૌ પ્રથમ સ્કીન બેન્ક

❖ ભારતા દેશમાં પાંચમી અને ગુજરાતમાં સૌપ્રથમ સ્કીન બેન્ક ‘જીવનદિપ સ્કીંબેન્ક’ નો વડોદરામાં આરંભ થયો.

❖ વડોદરાના અકોટા ઉધાન પરિવાર ટ્રસ્ટ સંચાલીત છે.

❖ ત્વાચનું દાન થતા દાઝેલા,અકસ્માતથી ક્ષતિગ્રસ્ત માણસોને જીવન આપી શકાય તે હેતુથી આ બેન્ક ની શરૂઆત કરી છે.

VIVEKANAND ACADEMY,GANDHINAGAR

❖ મૃત્યુ પછી આશરે ૬ કલાક (ઠંડીની ઋતુમાં આશરે ૯ થી ૧૨ કલાક સુધી) ત્વાચા લઇ શકાય છે.

❖ એ ત્વચા સ્કીન બેંકમાં લાવીને ચાર સેલ્સિયસ તાપમાનમાં ૮૫ ટકા ગ્લીસરોલમાં રાખી ત્રણ વર્ષ સુધી સાચવી શકાય છે

❖ જીવન દિપ સ્કિન બેંકના પ્રમુખ : હસમુખ પટેલ

## 5.વિરાટ કોહલી

❖ વર્તમાન ચાલી રહેલ ઓસ્ટ્રેલીયામાં 4 મેચની ટેસ્ટ શ્રેણીમાં કેપ્ટન તરીકે પોતાનો પ્રથમ ત્રણ ઇનિંગમાં ત્રણ સદી ફટકારવાની સિધ્ધિ મેળવી હતી.

❖ આ સિધ્ધિ મેળવનારોતે વિશ્વનો પ્રથમ કેપ્ટન બની ગયો છે.

❖ અગાઉ ઓસ્ટ્રેલીયાના પૂર્વ ખેલાડી ગ્રેગ ચેપલે કેપ્ટન તરીકેની પ્રથમ બે ઇનિંગમાં સદી ફટકારી હતી.

VIVEKANAND ACADEMY,GANDHINAGAR

- ❖ આ શ્રેણી દરમિયાન કોહલી ઓસ્ટ્રેલીયામાં સૌથી વધુ રન કરનાર ભારતીય બન્યો.(639 રન)
- ❖ અગાઉ રાહુલ દ્રવિડના ઓસ્ટ્રેલીયા સામે એક શ્રેણીમાં 619 રન હતાં.

VIVEKANAND ACADEMY,GANDHINAGAR